**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૯.૦ ડીગ્રી
લઘુતમ : ૨૭.૦ ડીગ્રી
ભેજ
સવારે ૫૭ ટકા ● સાંજે ૩૯ ટકા

# શહેરમાં વટ સાવિત્રીની ઓનલાઈન અને ઓફલાઈન પૂજા

ગાંધીનગર, તા.૫

આજે ૫ જૂન વિશ્વ પર્યાવરણ દિવસ સાથે જેઠ મહિનાની પૂનમના દિવસે ઉજવાતું વટ સાવિત્રી વ્રત બંને વૃક્ષનો મહિમા જણાવે છે. પર્યાવરણની જાળવણી માટે વૃક્ષો મહત્વના છે અને વટ સાવિત્રી વ્રતમાં વડનું પૂજન કરવાનો મહિમા છે. આ દિવસે સાવીત્રી દેવી પોતાના પતિને મોતના મુખમાંથી બચાવીને લાવ્યા હતા તેથી આ દિવસને ભારતીય સંસ્કૃતિમાં વિશેષ મહત્વ આપવામાં આવ્યું છે અને આ દિવસ વટ સાવિત્રી વ્રત તરીકે ઉજવવામાં આવે છે.

આ દિવસે તમામ સુહાગણ સ્ત્રીઓ પોતાના પતિના દીર્ઘાયુષ્ય માટે ઉપવાસ કરી વડની પૂજા કરી દાન-દક્ષિણા કરે છે. આમ તો દર વર્ષે નગરના મંદિરોમાં વટ સાવિત્રી વ્રત નિમિત્તે ખાસ પૂજાનું આયોજન કરવામાં આવતું હોય છે તમામ સ્ત્રીઓ ભેગી થઈ વડની પૂજા કરે છે. સાથે પોતાના પતિના દીર્ઘાયુષ્ય અને સુખ સમૃદ્ધિ માટે પ્રાર્થના કરે છે. પરંતુ કોરોના બાદના બદલાતા સમય સાથે આ વર્ષે નગરની મોટાભાગની સુહાગણોએ પ્રતિકારાત્મક રીતે ઓનલાઈન જ આ વ્રતની પૂજા કરી હતી. નગરના સે-૭સી સ્થિત શિવ શક્તિ મંદિર પાસે સોશિયલ ડિસ્ટન્સ જાળવીને આ વ્રતની પૂજા કરવામાં આવી હતી. આ ઉપરાંત નગરના અનેક મંદિરો દ્વારા મુહૂર્તના સમયે ઓનલાઈન પૂજા ની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ પૂજા કરતાં ફોટો પણ નગરની બહેનોએ સોશીયલ મીડીયામાં શેઅર કર્યા હતા. બહેનોએ પૂજામાં વાંસની ટોપલીમાં તમામ સિંગાર સાવિત્રી દેવીની છબી સાથે દૂધ ચોખા અને કંકુ સાથે દીવો કરી આ દિવસને વિશેષ રીતે ઉજવ્યો હતો. આ દિવસે વડલાના પૂજનની સાથે વટસાવિત્રી વ્રતની વાર્તા વાંચવાનું પણ મહત્વ છે બહેનો પૂજા બાદ એક થઈ થઈ આ વ્રત વિશે ની વાર્તા વાંચે છે ત્યાર બાદ બ્રાહ્મણ કે જરૂરીયાતમંદને દાન પણ કરે છે. વડની ફરતે પ્રદક્ષિણા કરી રક્ષાસૂત્રથી તેને બાંધે છે. આ વર્ષે બહેનોએ ઓનલાઈન વ્રતની પૂજા કરી છે જેથી જે તે મંદિરના મહારાજ દ્વારા ઓનલાઈન વાર્તા કરવામાં આવી હતી.

નગરની તમામ સુહાગનોએ પ્રતિકારાત્મક રીતે તમામ પૂજા - વિધિ પૂર્ણ કરી હતી. બદલાતા સમય સાથે ઓનલાઈન જ પૂજા કરવાની ટેવ હવે કેળવવી પડશે એમાંનું એક ઉદાહરણ છે વટ સાવિત્રી વ્રત.






વટસાવિત્રી વ્રત નિમિત્તે સંસ્કૃતિ મહિલા પરિવાર દ્વારા ઓનલાઈન પૂજા તથા સ્પર્ધા યોજાઈ હતી. જે સંદર્ભે લગ્નના ગીતની સ્પર્ધા, પૂજાની થાળી શણગાર સ્પર્ધા તથા સૌભાગ્યવતી સ્ત્રી આભૂષણ સ્પર્ધાનું સંસ્થા દ્વારા ઓનલાઈન આયોજન કરવામાં આવ્યું હતું. દરેક બહેનોએ સ્પર્ધામાં ભાગ લઈ આનંદની લાગણી અનુભવી હતી.

લગ્ન ગીત સ્પર્ધામાં પ્રથમ જયશ્રીબેન ભટ્ટ, દ્વિતિય ક્રમે સરલાબેન ગોર, તૃતીય ક્રમે અંતરકુંવરબા, ચોથા ક્રમે દેવીબેન શુકલ તથા પાંચમા ક્રમે અલ્પાબેન ગોર તેમજ પૂજાની થાળીમાં પ્રથમ ક્રમે અંતરકુંવરબા, બીજા ક્રમે અલ્પાબેન ગોર, ત્રીજા ક્રમે પ્રતિભાબેન દવે અને સૌભાગ્યવતી સ્ત્રીના આભૂષણની સ્પર્ધામાં પ્રથમ ક્રમે દેવીબેન શુકલ, બીજા ક્રમે અલ્પાબેન ગોર તથા ત્રીજા ક્રમે સરલાબેન ગોર વિજેતા રહ્યા હતા.

## વિશ્વ પર્યાવરણ દિને જ વૃક્ષની 'આત્મહત્યા...'!!



વિશ્વ પર્યાવરણ દિવસનો પ્રારંભ સવારે ગાંધીનગરમાં 'ચ' રોડ પર એક વૃક્ષ ધરાશાયી થવાથી થયો હતો. થડમાં ઉધઈ લાગવાથી ખોખલું બની ગયેલું વૃક્ષ રોડ પર પડી જવા પામ્યું હતું. જેને વનવિભાગ દ્વારા માર્ગ સલામતી માટે કાપીને હટાવવાની કામગીરી હાથ ધરી હતી. જો કે વિશ્વ પર્યાવરણ દિવસે જ વૃક્ષના ધરાશયી થવાની ઘટનાને નાગરિકોએ પોતપોતાની રીતે મૂલવી હતી. કોઈકે વિચાર્યું કે 'માનવી દ્વારા પર્યાવરણ દિવસની ખોખલી ઉજવણી જોઈને જીવ બાળવાને બદલે વૃક્ષે હટી જવાનું મુનાસિબ માન્યું હતું' તો કોઈએ વિચાર્યું કે 'લોકડાઉનમાં પ્રકૃતિની વાતો કરનાર માનવી અનલોક થતાં જ જે રીતે બધું ભૂલીને ફરી પોતાનો સ્વાર્થ સાધવામાં વ્યસ્ત થઈ ગયો છે તે આઘાત આ વૃક્ષ સહન કરી શકયું નહીં.' એક જણે તો એવું પણ કહ્યું કે 'વિધાનસભાની નજીક જ ઉભેલા આ વૃક્ષે ધારાસભ્યોની ખરીદી સાથે વેપાર ધંધાના મુહૂર્ત થયા હોવાના સમાચાર વાંચી લીધા લાગે છે.'



સેકટર-૧૬ ગાંધીનગરમાં રહેતા વસાહતીઓ તથા ઉગમ ફોજના સત્સંગીઓ વિઠ્ઠલભાઈ સોલંકી, રાજુભાઈ સોનારા, પ્રકાશભાઈ જોષી, ગોવિંદભાઈ ચાવડા, ગુણવંતભાઈ પરમાર, વિનુભાઈ રાઠોડ, ગીરીશભાઈ સોલંકી, પ્રવિણભાઈ પરમાર દ્વારા જરૂરિયાતમંદ લોકો માટે અનાજની ૩૫૦ કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

## ગાંધીનગર જિલ્લામાં રાષ્ટ્ર વિકાસની પ્રવૃત્તિ અને સામાજિક સેવાઓ સાથે સંકળાયેલા વ્યક્તિ કે સંસ્થાઓને ભારત સરકારના નેશનલ યુથ એવોર્ડના નોમિનેશન જોગ

ગાંધીનગર, તા.૫

ભારત સરકારના યુવા કાર્યક્રમ અને ખેલ મંત્રાલય દ્વારા ૧૫ થી ૨૯ વર્ષની વય મર્યાદા ધરાવતા યુવાનોને અને સેવાભાવી સંસ્થાઓને રાષ્ટ્રના વિકાસ તથા સામાજિક સેવાઓમાં સિધ્ધિ મેળવવા માટે પ્રોત્સાહન પુરું પાડવાના આશયથી નેશનલ યુથ એવોર્ડ આપવામાં આવે છે.

ભારત સરકારના યુવા કાર્યક્રમ અને ખેલ મંત્રાલય દ્વારા વર્ષ- ૨૦૧૭-૧૮ તથા વર્ષ- ૨૦૧૮-૧૯ ના નેશનલ યુથ એવોર્ડ માટે તા. ૨૭મી મે થી તા. ૨૬મી જૂન સુધીમાં MyGov Protal ની લિંક ઉપર નોમિનેશન હેતુ મંગાવવામાં આવે છે. ભારત સરકારના યુવા કાર્યક્રમ અને ખેલ મંત્રાલયની માર્ગદર્શિકા મુજબ વ્યક્તિ તથા સેવાભાવી સંસ્થાઓ ને રાષ્ટ્ર વિકાસની પ્રવૃત્તિઓ તથા સામાજિક સેવાઓ જેવી કે, સ્વાસ્થ્ય, શોધ, નવીનીકરણ, સાંસ્કૃતિક વારસો, માનવધિકારનો પ્રચાર, કળા અને સાહિત્ય, પ્રવાસન, પરંપરાગત ઔષધિઓ, સક્રિય નાગરિક્તા, સમાજ સેવા, રમત ગમત તથા સ્માર્ટ શિક્ષણ જેવા ક્ષેત્રે અસાધારણ પ્રવૃત્તિઓમાં આપવામાં આવે છે.

ગાંધીનગર જિલ્લામાં વસતા એવા વ્યકિતઓ કે સંસ્થાઓને છેલ્લા ૩ વર્ષ દરમ્યાન દર્શાવ્યા મુજબની અસાધારણ પ્રવૃત્તિઓ કરી હોય તેઓએ આ એવોર્ડ અંગેના ફોર્મ જિલ્લા યુવા વિકાસ અધિકારી, c/o જિલ્લા રમતગમત અધિકારીની કચેરી, છઠ્ઠો માળ, સહયોગ સંકુલ, ગાંધીનગર ખાતે તા. ૧૨મી જૂન સુધી કચેરી સમયે જમા કરાવવાના રહેશે, તેવું જિલ્લા યુવા વિકાસ અધિકારી, ગાંધીનગરે જણાવ્યું છે.

## 'ડી' માર્ટ ખાતે સેનેટાઈઝેશનની કામગીરી હાથ ધરાઈ




શહેરના સેકટર-૨૬ સ્થિત ડી માર્ટ ખાતે ફાયર વિભાગની ટીમ દ્વારા સેનેટાઈઝેશનની કામગીરી હાથ ધરવામાં આવી હતી. છેલ્લા બે માસથી વધુના સમયથી તંત્ર દ્વારા કોરોનાને પગલે સેનેટાઈઝેશનની કામગીરી કરવામાં આવી રહી છે.

## 'ખ' માર્ગ પર ૧૧ બોટલ દારૂ સાથે બે યુવકો ઝડપાયા

ગાંધીનગર, તા.૫

શહરના સેકટર-૪ નજીક ખ માર્ગ પરથી બાઈક પર જતા બે યુવકોને સેકટર-૭ પોલીસે પકડી પાડયા હતા. પોલીસે યુવકો પાસે રહેલી થેલી ચેક કરતા દારૂની ૧૧ બોટલ મળી આવી હતી. પોલીસે બંને યુવકોનું નામ પુછતા તે આકાશ નાનકભાઈ શ્રીમાળી (ઉ.વ. ૩૦, સે-૧૫) અને મેહુલ દેવદાસી દવે (ઉ.વ. ૪૦, સે-૧૩) હોવાનું સામે આવ્યું હતું. પોલીસે રૂ. ૪૪૦૦ની કિંમતનો દારૂ, રોકડા રૂપિયા ૧૫૦૦, બે મોબાઈલ અને બાઈક મળી કુલ રૂ. ૪૫,૯૦૦ની કિંમતનો મુદ્દામાલ કબજે કરી પ્રોહિ. એકટ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ગાંધીનગરમાં કન્ટેનમેન્ટ એરીયા ઘટાડવા માંગ

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર શહેરમાં કેટલાક કિસ્સાઓ નગરની બહારથી આવતા લોકો કોરોના-૧૯ લાવી રહ્યા છે અને તેનો ભોગ નગરજનો બની રહ્યા છે. ગાંધીનગર શહેરના સેકટરો તથા ગુડા વિસ્તારમાં આવતા ગામોમાં જયાં કેસ નોંધાય છે તે સમગ્ર વિસ્તારને કન્ટેનમેન્ટ ઝોન જાહેર કરી ત્યાં રહેતા લોકોને ઘર બહાર નીકળવાની કાયદાકીય મનાઈ ફરમાવવામાં પણ આવે છે તે વિસ્તાર એટલો બધો મોટો જાહેર કરવામાં આવે છે કે જેને કારણે અસંખ્ય ઘરો અને નાગરિકો પર તેની અસર ઉભી થાય છે તેટલું જ નહિ રોજબરોજનો વ્યવહાર, માંદગીની દવાઓ, શાકભાજી જેવી વસ્તુઓ પણ જિલ્લા વહીવટીય તંત્ર પહોંચાડવાનો પ્રયાસ કરે છે પરંતુ તેમ થતું નથી પરિણામે નાગરિકો પરેશાની ભોગવી રહ્યા છે તેટલું જ નહિ પરંતુ જેને કારણે આ વિસ્તાર પ્રતિબંધીત થયો હોય તે સાજા સારા થયા પછી પણ પડોશના ઘરોને સજા ભોગવવાનું થાય છે તેથી નાગરિકોની માંગણી અને લાગણી છે કે ઘરોની સંખ્યામાં ઘટાડો કરવામાં આવે અને કેટલાક સેકટર-૩૦ જેવા સેકટરોમાં ૧૦૦ દિવસ થઈ જતા હોવા છતાં પણ બંધ હાલતમાં છે તેને રાહત આપવા અંગે વિચારણા કરવા ગાંધીનગર શહેર વસાહત મહામંડળ અને નાગરિકોની લાગણી તથા માંગણી છે.

### ચિરવિદાય

- સ્વ. વાઘેલા નાથુસિંહ કેશાજી, ઉ.વ. ૮૨, સે-૨૬
- સ્વ. ખેમસિંગ ધનસિંગ રાણા, ઉ.વ. ૫૫, મુ. ચિલોડા મોટા
- સ્વ. મધુબેન રામપાલ ખરેલ, ઉ.વ. ૬૩, શાહીબાગ-અમદાવાદ

# કોરોનાના કહેર વચ્ચે પણ વિશ્વ પર્યાવરણ દિવસ ઉજવાયો

## શહેરમાં કયાંક વૃક્ષારોપણ કરાયું તો કયાંક ઓનલાઈન સ્પર્ધાઓ-વેબિનાર યોજાયા : સોશ્યલ મિડિયા પર પણ નાગરિકોએ પર્યાવરણ દિવસના મહત્વને ઉજાગર કર્યું

ગાંધીનગર, તા.૫

વિશ્વભરમાં આજે કોરોના મહામારીના સંકટ વચ્ચે 'વિશ્વ પર્યાવરણ દિવસ'ની ઉજવણી થઈ હતી. ગાંધીનગરમાં પણ આ જ સ્થિતિમાં પણ વિવિધ સંસ્થાઓ તેમજ નાગરિકોએ પર્યાવરણ દિવસ ઉજવ્યો હતો જેમાં શહેરમાં વૃક્ષારોપણ, ડ્રોઈંગ કોમ્પિટીશન વગેરેથી માંડીને સોશ્યલ મિડિયા પર વર્ચ્યુઅલ ઉજવણી પણ જોવા મળી હતી. આજે શહેરના નાગરિકોએ દિવસભર પર્યાવરણની ચિંતા કરતા સંદેશાની આપ-લે કરવા સાથે 'સ્ટેટસ સ્ટોરી' અપડેટ કરી હતી અને પછી સમી સાંજે અચાનક વાતાવરણમાં આવેલા પરિવર્તનને પગલે સર્જાયેલા વંટોળ સાથે ભીની માટીની મહેંક પણ માણી હતી.

**● ગાંધીનગર સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં ૧૦૮ ઈમર્જન્સી ટીમનું વૃક્ષારોપણ**

કોવિડ-૧૯ સામે લડત આપી રહેલા કોરોના વોરિયર્સ સમી ગાંધીનગરની ૧૦૮ ઈમર્જન્સી ટીમ દ્વારા આજે સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણીના ભાગરૂપે યોજવામાં આવેલ આ વૃક્ષારોપણ કાર્યક્રમમાં સિવિલ હોસ્પિટલના સુપ્રિટેન્ડન્ટ નિયતીબેન લાખાણી આરએમઓ સુધાબેન તથા ૧૦૮ ઈમર્જન્સી ટીમના મેનેજમેન્ટ એકિઝકયુટીવ અક્ષય પંચાલ, ધર્મેન્દ્ર પુવાર તથા ૧૦૮ની ટીમના અન્ય સભ્યો પણ ઉપસ્થિત રહ્યા હતા.




**● વનશ્રી ટ્રસ્ટ અને મેટલ હેડનું વૃક્ષારોપણ**

ગાંધીનગરની સંસ્થા વનશ્રી ટ્રસ્ટ દ્વારા મેટલ હેડના સંયુકત ઉપક્રમે વિશ્વ પર્યાવરણ દિવસે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં સોશ્યલ ડિસ્ટન્સિંગના પાલન સાથે ૧૧ વૃક્ષોના રોપાનું વાવેતર કરવામાં આવ્યું હતું. આ સાથે સંસ્થા દ્વારા ઓનલાઈન કવીઝ તેમજ વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કવીઝમાં ૩૫૦થી વધુ અને વકતૃત્વ સ્પર્ધામાં ૧૫૦થી વધુ સ્પર્ધકોએ ભાગ લીધો હતો તેવું સંસ્થાની અખબારી યાદી જણાવે છે. સ્પર્ધામાં ભાગ લેનારને ઈ-પ્રમાણપત્રો અપાયા હતા. સ્પર્ધાના આયોજન માટે જયેન્દ્ર સોલંકી, મહાવીર નિમાવત,



ઉત્કર્ષ ગુપ્તા તથા સંસ્થાના જિલ્લા વાઈલ્ડ લાઈફ વોર્ડને જહેમત ઉઠાવી હતી.

**● ગુજરાત સાયન્સ સિટીમાં વૃક્ષારોપણ સાથે વેબિનાર**

આજે ગાંધીનગર-સરખેજ એસજી હાઈવે નજીકની ગુજરાત સાયન્સ સિટી ખાતે ગુજરાત યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટ ઓફ એન્વાર્યમેન્ટલ સાયન્સના ડૉ. હિતેશ સોલંકી સાથે વેબિનાર યોજવામાં આવ્યો હતો. આ વેબિનારમાં ડૉ. સોલંકીએ જણાવ્યું હતું કે 'જૈવ વિવિધતા માનવીના સ્વાસ્થ્યથી લઈને શુધ્ધ હવા-પાણી આપવા સુધી અસર કરે છે તેથી તેમાંથી એક પણ જૈવિક ચક્રને દૂર કરવાથી સમગ્ર જીવનપ્રણાલી પર નકારાત્મક અસર પડે છે. માનવીનું સ્વાસ્થ્ય પૃથ્વીના સ્વાસ્થ્ય સાથે જોડાયેલું છે અને આપણે



તે ઈકો સીસ્ટમને ખલેલ પહોંચાડી છે તેથી વિવિધ તકલીફો સહન કરવી પડી રહી છે.' આ વેબિનારના અંતે સાયન્સ સિટી કેમ્પસમાં સોશ્યલ ડિસ્ટન્સિંગના પાલન સાથે ૫૦થી વધુ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું.